ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૨ ટકા

# સે-૩૦ મુખ્ય શોપીંગ સેન્ટરની ત્રણ દુકાનોમાં આગ

## અચાનક બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળી : ત્રણ દુકાનોમાં લાખોનો સામાન બળીને ખાખ : બે ઘાયલ : ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી








ગાંધીનગર, તા.૨
શહેરના સેક્ટર-૩૦ મુખ્ય શોપીંગ સેન્ટર ખાતે આજે સવારે અચાનક કોઈ રીતે બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળી હતી અને ત્રણ દુકાનો આગમાં લપેટાઈ ગઈ હતી. ત્રણેય દુકાનોમાં પડેલો લાખોનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો અને દુકાનમાલિક સહિત બે વ્યકિતઓ ઘાયલ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી જો કે એર કોમ્પ્રેશર બ્લાસ્ટ થયું કે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયું તે બાબત હજુ રહસ્યમય છે.

સેકટર-૩૦ મુખ્ય શોપીંગ સેન્ટરમાં આજે સવારે અચાનક ભેદી ધડાકો થયો હતો. આ બ્લાસ્ટ સાથે જ ત્રણ દુકાનોનો માલ સામાન ઉછળીને ભયંકર સ્પીડે બહાર ફેંકાયો હતો. બ્લાસ્ટ સાથે જ ત્રણ દુકાનો આગમાં લપેટાઈ જવા પામી હતી. એક તરફ દુકાનમાં માલસામાન ભડભડ સળગી રહ્યો હતો તો બીજી તરફ બે ઘાયલ વ્યકિતઓની દર્દનાક બુમો પડી રહી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમના કાફલા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. દુકાન નં.૨ અને ૩ ઓટો પાર્ટસની દુકાન છે. જેના માલિક કમલેશભાઈ રાજપલાણી પણ ઘાયલ થયા છે. દુકાન નં.૨માં નહીવત નુકસાન થયું છે જયારે દુકાન નં.૩માં વ્હીલ પ્લેટો, કાર્બોરેટર્સ, કલચ, પ્લાસ્ટીક એસેસરીઝ, ટુ વ્હીલરની એસેસરીઝ સહિત ૧૫ થી ૨૦ લાખનો સામાન બળીને ખતમ થઈ ગયો હોવાનો અંદાજ છે. જયારે દુકાન નં. ૪ ભગવતી ફલોર મીલમાં બે મોટર-અનાજ સહીત રૂ. ૫ લાખનું અંદાજે નુકસાન થયું છે. સદભાગ્યે આ આગની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. આગ પહેલાનું બ્લાસ્ટ કયા કારણોસર થયું તે બાબત હજુ રહસ્યમય છે તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

**@ગાંધીનગર**

● નીકી હોસ્પિટલ, કુડાસણ ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે. જેમાં થાઈરોઈડ, ડાયાબીટીસ, હિમોગ્લોબીન ટેસ્ટ તથા ડાયેટીશ્યન દ્વારા માર્ગદર્શન તેમજ રકતદાન કેમ્પ યોજાશે.

● સમગ્ર ગુજરાત રોહિદાસ સમાજ દ્વારા બપોરે ૧ કલાકે સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે રોહિત મહાસંમેલન યોજાશે.

● ઘ-૪ સર્કલ ખાતે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન પુસ્તક પરબ યોજાશે.

● કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા કૈલાસ યાત્રાએ જનારા ગાંધીનગર જિલ્લાના યાત્રીઓ માટે સાંજે ૪ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧, ચ-૬ સર્કલ પાસે શુભેચ્છા સમારોહ યોજાશે.

● ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૭૮, સે-૨૪, મેલડી માતા મંદિર પાસે સુંદરકાંડના પાઠ યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિન'ની ઉજવણી અંતર્ગત સફાઈ અભિયાન, ચિત્રસ્પર્ધા તેમજ વૃક્ષોના મહત્વ વિશે જાણકારી સાંજે ૬.૧૫ થી ૭.૩૦ કલાક દરમિયાન સેકટર-૭ના બગીચામાં આપવામાં આવશે.

# વેપારી એક જ તેલમાં વારંવાર ફરસાણ નહી તળી શકે

## વારંવાર એક તેલનો ઉપયોગ થતા કેન્સર રોગ થવાની સંભાવના : થશે ફોજદારી કાર્યવાહી



ગાંધીનગર, તા.૨
ગાંધીનગર સહિત રાજયભરના ખાણી-પીણી અને ફરસાણના વેપારીઓ ચેતજો નહીંતર અખાદ્ય તેલ તમને જેલની હવા ખવડાવી શકે છે. હવે વેપારીઓ એક જ તેલમાં વારંવાર ફરસાણ નહી તળી શકે. જો વેપારી દુકાનદારના તેલના નમુના ફેલ થશે તો ૧ જુલાઈથી અમલી બનેલા કાયદા અનુસાર ફોજદારી કાર્યવાહી થશે તેમ ફુડ એન્ડ ડ્રગ કમિશ્નરે નિવેદનમાં જણાવ્યું હતું.

ગાંધીનગર સહિત રાજયભરમાં ગુજરાતીઓ ખાણીપીણીના શોખીન છે. દરરોજ ગુજરાતીઓ ફરસાણ અને નાસ્તા કરવા માટે ટેવાયેલા છે. પરંતુ આ ફરસાણ અને ખાણીપીણીના કેટલાક વેપારી દુકાનદારો વારંવાર ફરસાણ તળવા માટે એક જ તેલનો ઉપયોગ કરે છે અને રીતસરનું અખાદ્ય તેલમાં તળાયેલ વાનગીઓ-ફરસાણનું વેચાણ કરી તેમના આરોગ્ય સાથે ચેડાં કરે છે. વેપારીઓની આ સમસ્યાને લઈ રાજયના ખોરાક ઔષધ નિયમન તંત્રમાં અનેક ફરિયાદ થઈ હતી. રાજયના ફુડ એન્ડ ડ્રગ વિભાગે આવા દુકાનદાર સામે લાલ આંખ કરી નવો કાયદો અમલમાં મુકી દીધો છે. અને કુકીંગ ઓઈલની ગુણવત્તા ચકાસવા માટે ખાસ ડીવાઈસ વસાવી લીધું છે.

ખાણીપીણી બજારમાં વેપારીઓ જો એક તેલનો વારંવાર ઉપયોગ કરતા હોવાની ફરિયાદ મળતા ફુડ વિભાગ કાર્યવાહી કરી સ્થળ પરથી નમૂના લઈ ખાસ ડીવાઈસની મદદથી ચકાસણી કરશે અને જો તેલનો ટોટલ પોલરાઈઝેશન કમ્પાઉડ ૨૫ ટકાથી ઉપર આવશે તો દુકાનદાર સામે ફોજદારી પગલાં લેવામાં આવશે તેમ ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર હેમંત કોશિયાએ નિવેદનમાં જાહેર કર્યું હતું.



પ્રકાશ ગૌર આયોજિત શ્રી પરશુરામજી યાત્રા સમગ્ર ભારત વર્ષમાં ભ્રમણ કરી રહી છે. આ યાત્રા શનિવારે ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી. સે-૧૬માં બ્રહ્મભવન ખાતે આ યાત્રાનું તથા પ્રકાશ ગૌરનું સ્વાગત સન્માન બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી, નરેશ દવે તથા કમલેશ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

**વાતવાતમાં**

● ગાંધીનગરના મધ્યમાં હાર્દ સમુ સ્વર્ણિમ પાર્ક અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિઓનું કેન્દ્ર સ્થળ બનતું જાય છે. આ સ્થળે યુવાનો માત્ર સેલ્ફી કે ફોટા લેવાને બદલે શોર્ટ ફિલ્મના શુટિંગ કરતા નજરે પડે છે તો અનેક યુવાનો વિવિધ પરીક્ષાઓની તૈયારીઓ કરવા સાથે મિત્રોની બર્થ ડે પાર્ટી કે સારા પરિણામનું સેલિબ્રેશન પણ અહીં જ કરવાનું પસંદ કરે છે.

## ગેમી દ્વારા 'પ્લાસ્ટીક એક પનોતી' આધારિત શેરી નાટકનું આયોજન

ગાંધીનગર, તા.૨
ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન ( ગેમી ) દ્વારા પ્લાસ્ટીકના કારણે પર્યાવરણ પર થતી અસરના કારણે નિર્માણ થતી સમસ્યા આધારિત વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વ સંધ્યાએ એટલે કે તા.૦૪ જૂન, ૨૦૧૮ના રોજ રાત્રિના ૮.૦૦ કલાકે, ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કના બગીચા ખાતે ' પ્લાસ્ટીક એક પનોતી ' શીર્ષક પર નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટક ગેમીના પર્યાવરણના વૈજ્ઞાનિકો દ્વારા ભજવવામાં આવશે. જેમાં પ્લાસ્ટીકના વપરાશના કારણે થતી અસરોને નાના અને મોટા તમામ લોકોને જાણવી આ પ્લાસ્ટીકની પનોતીને ગેમીના આ મહાયજ્ઞમાં આહુતિ આપવામાં આવશે. પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા કે કરાવવા પ્રતિજ્ઞા લઈ આવનાર આપણી પેઢીને આ પ્લાસ્ટીકની પનોતીના અભિશાપમાંથી મુકિત અપાવવામાં આવશે.

આ શેરી નાટકને નિહાળવા માટે પર્યાવરણ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ અને ગેમીના નિયામક શ્રી ડૉ. સંજીવ ત્યાગી અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ગાંધીનગરના નગરજનોને આ નાટકને નિહાળવા માટે જાહેર આમંત્રણ ગેમી દ્વારા પાઠવવામાં આવ્યું છે.

## સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા 'જ્ઞાન સાથે ગમ્મત' કાર્યક્રમ યોજાયો

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા જીમખાના સેકટર-૧૯ ખાતે જ્ઞાન સાથે ગમ્મત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોનો માનસિક તેમજ બૌધ્ધિક વિકાસ થાય તે માટે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા અશ્વિન વી. શાહનો જાદુઈ કરામતો અને કાગળમાંથી નવીન પ્રકારના રમકડાંઓ બનાવવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૮૦થી વધુ બાળકોએ ભાગ લઈ વેકેશનનો સદુપયોગ કર્યો હતો. જશવંત ગાંધી પ્રકાશ શાહ, મહેન્દ્ર મજમુદાર, હર્ષા શાહ, પ્રિતી શાહ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી.

## પેવર બ્લોકથી હરિયાળી અને રસ્તા સામે ખતરો

ગાંધીનગર, તા. ૨
ગાંધીનગર શહેરને ગ્રીનસીટી બનાવી રાખીને પર્યાવરણ જાળવવા માટે શહેરના જાગૃત નાગરિક દ્વારા રસ્તા ઉપર બ્લોક પાથરવાની કામગીરી સંપુર્ણ બંધ કરવા માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને વિનંતી કરવામાં આવી છે.

વિકાસની આંધળી દોટમાં વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. શહેરના માર્ગો પર પાકા રોડ બનાવીને રોડની બંને બાજુએ બ્લોક નાંખી દેવાથી ગરમીનું પ્રમાણ વધે છે. જેના પરિણામે પાટનગર ગુજરાત રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર બની ગયુ છે. શહેરના રહીશ મેહુલ પટેલ દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને ઉપરોક્ત વિષય અન્વયે વિનંતી કરવામાં આવી છે કે ગાંધીનગર શહેરના દરેક સેક્ટરની અંદર આવેલા જાહેર રસ્તાની બંને બાજુ લીંબડા, પીપળા જેવા વૃક્ષોની વાવણી કરવી જોઈએ તેમજ જાહેર રસ્તા ઉપર રોડની બંને બાજુ નાખેલા બ્લોક હટાવી ગરમીને વધતી અટકાવવી જોઈએ. વૃક્ષોને કારણે શહેરમાં ઠંડકનો અનુભવ થશે તેમજ લાંબા સમયે આ વૃક્ષોના લાકડાની આવક પણ શહેર સત્તામંડળને થશે. આ ઉપરાંત લીમડાની લીંબોડી નિમકોર રાસાયણિક ખાતર બનાવવાના ઉપયોગમાં લઈ શકાશે.

શહેરમાં સેક્ટરના અંદરના જાહેર રસ્તા પર તથા સોસાયટીઓમાં રોડની બંને બાજુ પેવર બ્લોક બેસાડવાથી વરસાદી પાણી જમીનમાં જતુ અટકે છે. આ ઉપરાંત ઉનાળામાં બ્લોક ગરમ થવાથી ગરમીમાં વધારો થાય છે. રોડ-રસ્તા પર બ્લોક પાથરવાથી વરસાદનું પાણી જમીનની અંદર ઉતરી શકતુ નથી અને ગટરોમાં વહી જાય છે. સરકાર તરફથી જળસંચયના સંકલ્પોની વચ્ચે આ પણ એક નરવી વાસ્તવિકતા છે. દરેક મકાન આગળ બ્લોક નાખવાનું બંધ કરી વૃક્ષો વાવીને અથવા ઘાસની લોન બનાવવામાં આવશે તો જ ગાંધીનગર શહેરને ફરીથી હરિયાળુ શહેર બનાવી શકાશે.

## સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા મહિલા પાંખના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨
સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર ગાંધીનગર દ્વારા તાજેરમાં સભા યોજવામાં આવી હતી. જેમાં પરિવાર દ્વારા મહિલા પાંખના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગરના સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખ તરીકે હર્ષા શાહ, ઉપ્રમુખ તરીકે મીના શાહ, મંત્રી, સહમંત્રી તથા ખજાનચી તરીકે અનુક્રમે પ્રિતી શાહ, શોભના શાહ અને વર્ષા શાહની વરણી કરવામાં આવી હતી. જેમાં સલાહકાર તરીકે પ્રકાશ એચ. શાહ અને જશવંત ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

## જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર, તા.૨
ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દર મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૪થી જુનના રોજ પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧માં સાંજે પાંચ કલાકે મળશે. જેમાં સભ્યો, પદાધિકારીઓને સમયસર હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# સે-૪માં રહેતું પરિવાર ધાબે સુવા ગયુ ને તસ્કરો ત્રાટકયા

## મકાનના દરવાજાનો નકુચો તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૧.૨૮ લાખની મત્તા સાફ કરી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા.૨
શહેરના સેકટર-૪-સી ખાતે રહેતું એક પરિવાર નિત્યક્રમ મુજબ રાત્રે પોતાના ઘરને તાળુ મારીને ધાબે સુવા ગયું હતું. સવારે ઉઠીનું જોયું તો તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી તસ્કરો હાથ સાફ કરી રફફુચક્કર થઈ ગયા હતા. મકાનમાં ઘુસીને તિજોરીનું લોક તોડી તસ્કરો સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૪૦ લાખની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. મકાનમાલિકની ફરિયાદ આધારે સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૪-સી પ્લોટ નં. ૧૨૭૯/૧ ખાતે રહેતા ભદ્રેશસિંહ રઘુસિંહ બિહોલા ખાનગી કંપનીમાં ટેકનીશ્યન તરીકે નોકરી કરે છે. ગઈ રાત્રે ભદ્રેશસિંહ તેમના પરિવાર સાથે ધાબે સુવા ગયા હતા. સવારે છ વાગ્યાના અરસામાં ધાબેથી નીચે ઉતર્યા ત્યારે તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં પડયો હતો. રાતના બે થી છ વાગ્યાના અરસામાં મકાનના દરવાજાનો નકુચો તોડી તસ્કરો બેડરૂમમાં ઘુસ્યા અને તિજોરીનું લોક તોડી અંદરથી સોના ચાંદીના દાગીના સાફ કરી નાંખ્યા હતા. બે તોલાનો સોનાનો દોરો, એક સોલાનો સોનાનો દોરો, પાંચ સોનાની વીંટી, પેન્ડલ, કાનની સેર, પાંચ ચુની, બે બુટ્ટી, ચાંદીની લકી તથા પાંચ હજાર રોકડ મળી તિજોરીમાંથી કુલ રૂ. ૧.૨૮ લાખની મત્તા ઉઠાવી તસ્કર ટોળકી રફફુચક્કર થઈ ગઈ હતી. ભદ્રેશસિંહે પોલીસની ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો નોંધી ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત બોલાવી ઘરફોડીયાઓ સુધી પહોંચવા કવાયત શરુ કરી છે.

## સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૮.૧૮ ટકા

ગાંધીનગર, તા. ૨
ન્યુ ગાંધીનગરની કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ગુજરાતી માધ્યમના ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઉત્કૃષ્ઠ રહ્યું હતું. શાળામાંથી કુલ ૧૧૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા જેમાંથી ૧૦૮ વિદ્યાર્થીઓ પાસ થતા શાળાએ ૯૮.૧૮ ટકા જેટલું ઊંચુ પરિણામ હાંસલ કર્યુ હતુ.

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે ૯૯.૬૮ પર્સન્ટાઈલ સાથે ૬૬૪ ગુણ મેળવી હાર્દિકા પ્રવિણભાઈ ઝાલાવાડિયા, દ્વિતિય ક્રમે ૯૯.૦૨ પર્સન્ટાઈલ સાથે ૬૩૪ ગુણ મેળવી જયેશ બિપિનભાઈ પટેલ અને તૃતીય ક્રમે ૯૮.૯૮ પર્સન્ટાઈલ સાથે ૬૩૨ ગુણ મેળવી અભિષેક અનિલભાઈ રાદડિયા ઉત્તિર્ણ થયાં હતા. આ ઉપરાંત ચોથા ક્રમે કરણસિંહ ચૌહાણને ૯૮.૫૮ પર્સન્ટાઈલ સાથે ૬૨૩, પાંચમા ક્રમે અર્પણ મિતેષભાઈ જોબનપુત્રાનો ૯૮.૩૫ પર્સન્ટાઈલ સાથે ૬૨૦ અને અંકિતા બાબુભાઈ પટેલને ૯૮.૩૫ સાથે ૬૨૦, છઠ્ઠા ક્રમે કૃતાર્થ પ્રમોદભાઈ પટેલને ૯૮ પર્સન્ટાઈલ સાથે ૬૧૩ ગુણ, સાતમા ક્રમે અર્પિત મહેન્દ્રભાઈ પટેલ ૯૭.૮૨ પર્સન્ટાઈલ સાથે ૬૧૨ ગુણ અનો આઠમા ક્રમે નિમેષ સાગરકુમાર રૂપાપરાનો ૯૭.૭૬ પર્સન્ટાઈલ સાથે ૬૧૦ ગુણ પ્રાપ્ત થયા હતા.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગાંધીનગરના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૨
ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની નવી ચૂંટાયેલ કારોબારીની બેઠક તાજેતરમાં ડૉ. આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે મળી હતી. જેમાં સર્વાનુમતે સંસ્થાના પ્રમુખ તરીકે ભાનુકાન્ત પી. પરમારની વરણી કરવામાં આવી હતી.

ત્યારબાદ પ્રમુખશ્રીએ પી.જે. રાઠોડ-ઉપપ્રમુખ, ડી.એમ. પરમાર, ઉપપ્રમુખ, વિરચંદભાઈ પરમાર-મહામંત્રી, જીવણલાલ સિંધવ-મંત્રી, નારણભાઈ પરમાર-સંગઠન મંત્રી અને ડૉ. અમૃતલાલ સોલંકીની ખજાનચી તરીકે વરણી કરી હતી.

# બાળકોની અંધશ્રદ્ધા દૂર કરતો જાદુગર ડોલરનો અનોખો મેજિક શો

## "હેપ્પી યૂથ ક્લબ" દ્વારા વિદ્યા લાયબ્રેરી ખાતે જાદુના કાર્યક્રમનું આયોજન : સે-૧૩માં નંદનવન આશ્રમશાળા ખાતે વૃક્ષારોપણ કરાયું






ગાંધીનગર, તા.૨
હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગરમાં સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે આજે સવારે પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા સન્માનીત ગુજરાતનાં યુવા જાદુગર ડોલર ચુડાસમાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને અંધશ્રદ્ધા દૂર થાય તે હેતુથી વિના મૂલ્યે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જાદુના કાર્યક્રમ પૂર્વે વહેલી સવારે હેપ્પી યૂથ ક્લબના સેવાભાવી સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાના જન્મદિવસ નિમિત્તે સેક્ટર-૧૩માં નંદનવન આશ્રમ શાળા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મેજિશિયન ડોલરે પોતાની જાદુની કળા ખુબજ માર્મિક અને રમૂજી શૈલીમાં રજૂ કરી હતી જેના કારણે બાળકો અત્યંત આનંદિત થયા હતા. તેમના વિવિધ રોમાંચક અને હેરતભર્યા આ કાર્યક્રમમાં ગાંધીનગરના નગરસેવકો હર્ષાબા ધાંધલ અને નીલાબેન શુક્લ ઉપરાંત અંકિત બારોટ, સામાજિક અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા, કડી કેમ્પસના કેમ્પસ ડાયરેક્ટર ડો. સોમભાઈ પટેલ, સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજયભાઈ થોરાત, હાસ્ય કલાકારો હરપાલસિંહ ઝાલા અને ધનસુખભાઈ રાદડીયા, ધારાશાસ્ત્રી અશ્વિનભાઈ ત્રિવેદી, નિવૃત સરકારી અધિકારી જી.કે.પરમાર, નંદનવન આશ્રમ શાળાના આચાર્ય યોગેશભાઈ દરજી, સેક્ટર-૧૬ની સરકારી શાળાના આચાર્ય અરૂણભાઈ પટેલ, યોગ શિક્ષક વિરમભાઈ ચૌહાણ, વિદ્યા લાયબ્રેરીના ગિરીશસિંહ વાઘેલા, નાટયકાર હસમુખ મેકવાન, એડ્વોકેટ અમીશાબેન વાઘેલા, ઈશ્વરભાઈ ચૌધરી, વિજયસિંહ ચાવડા, સંજયસિંહ ચાવડા, વિવેકસિંહ ચૌહાણ, વિશાલકુમાર તેમજ હેપ્પી યૂથ ક્લબના પ્રમુખ સમીર રામી ઉપસ્થિત રહ્યા હતા.

**ચિરવિદાય**

- સ્વ. સુધીરકુમાર પ્રભાકર જાદવ, ઉ.વ. ૨૭
- સ્વ. રમેશકુમાર હિરાલાલ પટેલ, ઉ.વ. ૬૫
- સ્વ. પદમાબેન રમેશભાઈ વાઘરી, ઉ.વ. ૩૦